**સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ છતલ/૧૦૨૦૨૧/૫૧૬૦૧૬/નબા-૦૩/ક
સચિવાલય, ગાંધીનગર
તા. ૮/૪/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ પવછ/૧૦૧૪/૯૦૮૭૩૩/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૮/૧૦/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃઅજાક/ગ/છતલ/૨૨૫૧-૫૧/૨૦૨૧

## આમુખ-

સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોને વંચાણ હેઠળના ક્રમાંકઃ (૧) પરના ઠરાવથી વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૧૫૦૦/- નિભાવ ગ્રાન્ટ ૧૦ મહિના(દસ મહિના) માટે આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી મળેલી રજુઆતો તેમજ વર્તમાન મોંઘવારીને ધ્યાનમાં રાખીને છાત્રાલયોને આપવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના તા.૧૮/૧૦/૨૦૨૧ના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોને વિદ્યાર્થીદીઠ આપવામાં આવતી માસિક નિભાવ ગ્રાન્ટની યોજના હેઠળ હાલમાં મળતી માસિક નિભાવ ગ્રાંટ રૂ.૧૫૦૦/- માં રૂ.૬૬૦/-(અંકે રૂપિયા છસ્સો સાઈઠ)નો વધારો કરી રૂ.૨૧૬૦/- (અંકે બે હજાર એકસો સાઈઠ પુરા)ની નિભાવ ગ્રાન્ટ ૧૦ માસ માટે આપવા રૂ.૧૬૫૩.૨૩ લાખની ચાલુ બાબતને નીચેની શરતો ધ્યાને લઈને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાને C.M.Dash Board સાથે Link કરવાની રહેશે.

(૯) સોશિયો ઈકોનોમિક ઈમ્પેક્ટ ઈવેલ્યુએશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૦) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલી નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૫ મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ પેટા સદર-૧૨ એસ.સી.ડબલ્યુ-૦૭-સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય/ શ્રી જુગતરામ દવે છાત્રાલય યોજના સદર હેઠળ ઊધારવાનો રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ અશમ/૧૦૧૪/૯૦૮૭૧૫/ગની અન્ય શરતો યથાવત રહેશે. જેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૪/૪/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Bhumika

(ડૉ. ભૂમિકા પટેલ)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (સા. ન્યા.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (અ.જા.ક.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા. અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,(નિયામકશ્રી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા), (નિયામકશ્રી (વિ.જા), મારફત)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,(નિયામક મારફત)
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જીલ્લા પંચાયત,(નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યાય અને અધિ. વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા/અ.૧, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨.